# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-09-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

********************************************************

1. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં ગોવામાં પશ્ચિમ ઝોનલ કાઉન્સિલની 28મી બેઠક.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાતના વડોદરામાં 35 હજાર કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે.
3. EDએ TMC સાંસદ નદીમુલ હક સાથે સંલગ્ન કેસમાં કોલકાતા, દિલ્હી અને રાંચીમાં સાત પરિસરમાં દરોડા પાડ્યા.
4. લક્ઝમબર્ગના નાયબ પ્રધાનમંત્રી ઝેવિયર બેટ્ટેલ નવી દિલ્હી પહોંચ્યા – વિદેશ મંત્રી સાથે મુલાકાત કરશે.
5. દિલ્હીમાં સત્ય નિકેતનમાં ઇમારત દુર્ઘટના બાદ ભયજનક ઇમારતો ધ્વંસ્ત કરાશે.
6. ટેનિસમાં, ડિફેન્ડિંગ ચેમ્પિયન આરીના સબાલેન્કા અને કાર્લોસ અલ્કારાઝે યુએસ ઓપનના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો.

---

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# AMIT SHAH GOA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ગોવાના પણજીમાં પશ્ચિમ ઝોનલ કાઉન્સિલની 28મી બેઠકની અધ્યક્ષતા કરી હતી. પણજીમાં આ બેઠક સવારે 11 વાગ્યે શરૂ થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ પટેલ બેઠકમાં હાજર રહ્યા હતા.

આ બેઠકમાં આંતરરાજ્ય સંકલન, સહયોગી શાસન અને સભ્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે શ્રેષ્ઠ પ્રથાઓની વહેંચણી સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આંતરરાજ્ય પરિષદ સચિવાલય અને બેઠકમાં ભાગ લેનારા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રતિનિધિમંડળોએ પણ રજૂઆત કરી હતી. સંકલન કરીને વાણ ઉકેલાયેલ મુદ્દાના ઉકેલ માટે આ બેઠકમાં ચર્ચા થશે, બેઠક બાદ અમિત શાહ ગોવા પોલીસને રાષ્ટ્રપતિ પોલીસ કલર્સ અર્પણ કરશે.

ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ ઝોનલ કાઉન્સિલમાં ગોવા, ગુજરાત અને મહારાષ્ટ્ર, રાજ્ય તેમજ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ જેવા કેન્દ્રશાસિત પ્રદેશનો સમાવેશ થાય છે.

# PM GUJARAT MAHARASHTRA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાત અને મહારાષ્ટ્રની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી વડોદરામાં 35 હજાર કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે. તેઓ 20 હજાર 700 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે વિકસિત 326 કિલોમીટરને આવરી લેતા વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર (WDFC)ના ત્રણ મહત્વપૂર્ણ વિભાગો પણ રાષ્ટ્રને સમર્પિત કરશે. પ્રધાનમંત્રી ન્યૂ સાણંદ (ઉત્તર), ન્યૂ મકરપુરા, ન્યૂ ઉમ્બરગાંવ અને ન્યૂ JNPT, મુંબઈથી માલવાહક ટ્રેન સેવાઓને પણ લીલી ઝંડી આપશે.

પ્રધાનમંત્રી નવ હજાર 700 કરોડ રૂપિયાથી વધુના ત્રણ રેલવે પ્રોજેક્ટ્, લગભગ એક હજાર 780 કરોડ રૂપિયાના ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સ અને લગભગ બે હજાર 600 કરોડ રૂપિયાના ગુજરાત સરકારના વિવિધ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે તેઓ સભાને સંબોધન પણ કરશે.

મહારાષ્ટ્રમાં, પ્રધાનમંત્રી મુંબઈમાં ગ્લોબલ ફિનટેક ફેસ્ટ (GFF) 2026નું ઉદ્ઘાટન કરશે અને સભાને સંબોધિત કરશે. GFF 2026ની થીમ છે, "પોટેન્શિયલ ટુ ઇમ્પેક્ટ: એજન્ટિક AI, ટોકનાઇઝેશન, ક્વોન્ટમ - ટ્રસ્ટેડ, કનેક્ટેડ, ગ્લોબલ સિસ્ટમ્સ ફોર ઇન્ક્લુઝિવ ફાઇનાન્સ."

# ED TMC MP

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ ઉર્દૂ દૈનિક અખબાર અખબાર-એ-મશ્રિક પ્રાઇવેટ લિમિટેડ અને તેના ડિરેક્ટર અને TMC સાંસદ નદીમુલ હક સાથે સંકળાયેલા કેસમાં કોલકાતા, દિલ્હી અને રાંચીમાં સાત પરિસરમાં દરોડા પાડ્યા છે.

EDએ બિધાનનગર પોલીસ કમિશનરેટ દ્વારા નોંધાયેલી FIRના આધારે એન્ફોર્સમેન્ટ કેસ ઇન્ફર્મેશન રિપોર્ટ નોંધ્યો છે. તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે, આ કેસ કથિત રીતે સાંપ્રદાયિક સૌહાર્દને બગાડનારી  વિસંગતતાને પ્રોત્સાહન આપતી સામગ્રીના પ્રકાશન અને પ્રસાર સંબંધિત છે. ગેરકાયદેસર વ્યવહારો, બિનહિસાબી રોકડ વ્યવહારો અને શંકાસ્પદ સ્ત્રોતોમાંથી ભંડોળ મેળવવાના આરોપો પણ છે.

# LUXEMBOURG DEPUTY PM VISIT

લક્ઝમબર્ગના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશમંત્રી ઝેવિયર બેટ્ટેલ તેમની સત્તાવાર મુલાકાત માટે નવી દિલ્હી પહોંચ્યા છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, શ્રી બેટ્ટલ આજે રાષ્ટ્રીય રાજધાનીમાં વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર સાથે મુલાકાત કરી.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, આ મુલાકાત ભારત અને લક્ઝમબર્ગ વચ્ચેના બહુપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવશે.

# CHHATTISGARH BIJAPUR - ANTI-NAXAL OPERATION

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં ચાલી રહેલા નક્સલ વિરોધી અભિયાનોમાં CRPFની 199મી બટાલિયનને મોટી સફળતા મળી છે. સૈનિકોએ પીડિયા અને કુપ્પાગુડા વિસ્તારોમાં એદરી, હર્રા, નયાપરા અને સરપંચપરાના ગાઢ જંગલોમાં સઘન શોધખોળ અભિયાન શરૂ કર્યું હતું.

સર્ચ ઓપરેશન દરમિયાન નકસલીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા એક સ્થળ પરથી એક 303 બોલ્ટ-એક્શન રાઇફલ, પાંચ ભરમાર રાઇફલ અને એક દેશી બનાવટની 12-બોર રાઇફલ  આ ઉપરાંત, 10 IED, આઠ ડેટોનેટર, કોડેક્સ વાયર, વાયરલેસ સેટ, પ્લાસ્ટિક અને સ્ટીલના કન્ટેનર, IED ઉત્પાદનમાં વપરાતી વિવિધ ઇલેક્ટ્રિકલ સામગ્રી અને નક્સલી કપડાં સહિતની સામગ્રી જપ્ત કરવામાં આવી હતી.

# REKHA GUPTA ACTION

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ દિલ્હીના મંત્રી મનજિન્દર સિંહ સિરસાની સાથે આજે સવારે નવી દિલ્હીના સત્ય નિકેતન વિસ્તારમાં ઇમારત ધરાશાયી થવાના સ્થળની મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું હતું કે, દાયકાઓ જૂની બહુમાળી ઇમારતના સ્થળેથી લગભગ 80 ટકા કાટમાળ દૂર કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીએ માહિતી આપી હતી કે, 12 લોકો બહાર કાઢવામાં આવ્યા છે, જેમાંથી છ લોકોના મોત થયા છે, જ્યારે છની હાલત સ્થિર છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, આ દુર્ઘટના ઇમારતના માલિકની બેદરકારીને કારણે બની હતી.

તેમણે ખાતરી આપી હતી કે, માલિક સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, આસપાસની અન્ય ભયજનક ઇમારતોને તોડી પાડાશે.

## BYTE – REKHA GUPTA

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# BIHAR FLOOD

બિહારમાં પૂરની સ્થિતિ ગંભીર છે. ગંગા અને અન્ય નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. જોકે, સોન નદીમાં પ્રવાહ ઘટતા થોડી રાહત મળી છે. ઇન્દ્રપુરી બેરેજમાંથી બુધવારે પાણીની જાવક 5.54 લાખ ક્યુસેકથી ઘટીને રવિવાર બપોર સુધીમાં 1.96 લાખ ક્યુસેક થઈ, જેથી સોન નદીના પટના વિસ્તારોમાં જળપ્રવાહ ઘટ્યો છે.

અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે, જેમાં NDRF અને SDRF ટીમો અને સરકારી બોટ લોકોની મદદ માટે તૈનાત છે.

# DAY IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આવતીકાલ સુધી બિહાર, મધ્યપ્રદેશ, પૂર્વી ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ અને ઉત્તર પૂર્વ ભારતના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે, આંધ્રપ્રદેશ, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ અને તમિલનાડુમાં આવતીકાલ સુધી વાવાઝોડા અને વીજળી સાથે ભારે વરસાદ પડી શકે છે. આગામી બે દિવસ દરમિયાન પુડુચેરી, કરાઈકલ, વિદર્ભ, છત્તીસગઢ, ગંગા પશ્ચિમ બંગાળ અને આંદામાન અને નિકોબાર ટાપુઓ પર પણ આવી જ સ્થિતિ રહેવાની સંભાવના છે

હવામાન વિભાગે આજે સાંજ દરમિયાન દિલ્હીના કેટલાક સ્થળોએ હળવો વરસાદ પડવાની પણ આગાહી કરી છે.

# POSHAN MAAH

મહિલા અને બાળ વિકાસ વિભાગ મંત્રાલય દ્વારા 9માં રાષ્ટ્રીય પોષણ માસ 2026 અને પોષણના બીજા ચરણ 2.0 અંતર્ગત પૂરક પોષણ કાર્યક્રમ SNP બુધવારે વારણસીમાં શરૂ કરવામાં આવશે. આ વર્ષનું અભિયાન મિશન સક્ષમ આંગણવાડી માર્ગદર્શિકાના આધારે અમલમાં મૂકવામાં આવી રહ્યું છે.

પોષણ મહિનો 2026 પાંચ મુખ્ય થીમ્સ પર ધ્યાન કેન્દ્રિત કરશે. જેમાં આહારની વિવિધતા અને પર્યાપ્ત પ્રોટીન, આંગણવાડી કેન્દ્રોમાં તાજું ગરમ રાંધેલું ભોજન, સમુદાય ભાગીદારી અને જવાબદારી, બાળકોના વિકાસ માટે પોષણ, પ્રારંભિક પ્રોત્સાહન અને શિક્ષણ.

આ વર્ષે 9મા રાષ્ટ્રીય પોષણ મહિનાની થીમ છે. "આપણી આંગણવાડીઓ, આપણી જવાબદારી". આ વર્ષે, દરેક નાગરિકને આંગણવાડી કેન્દ્રો પ્રત્યે જવાબદારી વહેંચવાનું આહ્વાન કરવામાં આવ્યું છે.

# UKRAIN US MEET

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ ગઈકાલે કિવમાં રશિયા-યુક્રેન સંઘર્ષને સમાપ્ત કરવા અંગે ચર્ચા કરવા માટે અમેરિકાના ખાસ દૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર સાથે મુલાકાત કરી હતી. વાટાઘાટો દરમિયાન, ઝેલેન્સકીએ રશિયા-યુક્રેન સંઘર્ષને સમાપ્ત કરવા માટે સંબંધિત પ્રાદેશિક મુદ્દાનું વર્ણન કરતા કહ્યું હતું કે, કેટલાક સૌથી જટિલ પ્રશ્નોનો ઉકેલ ફક્ત રાષ્ટ્રીય નેતાઓના સ્તરે જ આવી શકે છે.

તેમણે પ્રાદેશિક મુદ્દાઓ, સુરક્ષા ગેરંટી, યુક્રેનનું ભવિષ્ય અને આર્થિક પુનઃપ્રાપ્તિ યોજનાને આવરી લેતા ત્રણ રાઉન્ડની વાટાઘાટો કરી હતી. વિટકોફે નોંધ્યું હતું કે, યુએસ પ્રતિનિધિમંડળે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મોસ્કોમાં અગાઉની ચર્ચાઓના મુદ્દાઓ પર ભાર મૂકાયો હતો. ઝેલેન્સકીએ યુક્રેનની લશ્કરી તાકાત કોઈપણ સુરક્ષા વ્યવસ્થામાં કેન્દ્રિય રહેવી જોઈએ તે બાબત પર વધુ ભાર મૂક્યો હતો.

# US OPEN

ટેનિસમાં, ડિફેન્ડિંગ ચેમ્પિયન આરીના સબાલેન્કા અને કાર્લોસ અલ્કારાઝે યુએસ ઓપનના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

ગઈકાલે મહિલા સિંગલ્સના રાઉન્ડ ઓફ 16માં, બેલારુસિયન ટોપ સીડ આરીના સબાલેન્કાએ આર્થર એશે સ્ટેડિયમ ખાતે અમેરિકન ટેલર ટાઉનસેન્ડને 6-4, 6-3થી હરાવી. આવતીકાલે ક્વાર્ટર ફાઇનલમાં સબલેન્કા ચેક ખેલાડી લિન્ડા નોસ્કોવા સામે ટકરાશે.

16ના બીજા રાઉન્ડમાં, સ્પેનના કાર્લોસ અલ્કારાઝે આર્થર એશે સ્ટેડિયમ ખાતે બીજી મેચમાં અમેરિકન ટોમી પોલને 6-4, 6-3, 6-4થી પરાજય આપ્યો. આવતીકાલે ક્વાર્ટર ફાઇનલમાં અલ્કારાઝનો મુકાબલો આઠમા ક્રમાંકિત અમેરિકન બેન શેલ્ટન સામે થશે.